# વાયબ્રન્ટના પગલે મુખ્ય માર્ગો ઝળાહળા, સેક્ટરોમાં અંધારપટ

## આગામી દિવસોમાં યોજાનાર વાયબ્રન્ટ સમિટના કારણે સેક્ટરોના મુખ્ય માર્ગો અને સર્કલો પર રોશની કરાઈ, જો કે સેક્ટરોની આંતરિક સ્ટ્રીટલાઈટો બંધ રહેતા વસાહતીઓમાં રોષ



સમગ્ર ગાંધીનગર ઝળાહળા થઈ રહ્યું છે. મહાત્મા મંદિર અને ગ્લોબલ ટ્રેડ શૉ સુધી જતાં માર્ગો પર ખુબ જ રોશની કરવામાં આવી છે અને તમામ સર્કલોને વિવિધ પ્રકારની લાઈટીંગથી સજાવાઈ દેવાઈ છે. જો કે સેક્ટરોની આંતરિક સ્ટ્રીટલાઈટો બંધ રહેતા વસાહતીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

આગામી દિવસોમાં ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટ અને સાથે જ ગ્લોબલ ટ્રેડ શૉ જેવી મોટી ઈવેન્ટ યોજાવાની છે. આગામી દિવસોમાં ગાંધીનગરમાં વીવીઆઈપી અને વીઆઈપી મહેમાનોનો જમાવડો થશે. શહેરમાં આ બંને મોટી ઈવેન્ટની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. મુખ્યમાર્ગોની સાફસફાઈ તો ઘણા દિવસો અગાઉ કરી દેવાઈ હતી. માર્ગોને હવે શણગારવામાં આવી રહ્યા છે. માર્ગો પર રંગબેરંગી રોશની કરવામાં આવી છે. મુખ્ય માર્ગની એકપણ સ્ટ્રીટલાઈટ બંધ ન રહે તે માટે ટોરેન્ટ પાવરની એક ટીમ સતત કાર્યરત રહે છે. મુખ્ય માર્ગની જેમ જ તમામ સર્કલોને રોશનીથી સજાવી દેવાયા છે. સ્વર્ણીમ પાર્કમાં કરવામાં આવેલી રોશની વિદેશના કોઈ મોટા શહેરની યાદ અપાવી રહી છે. વસાહતીઓ ખાસ રોશની જોવા અહી ભીડ જમાવી રહ્યા છે. મુખ્ય માર્ગોને ખુબ જ ચીવટપૂર્વક સજાવવામાં આવી રહ્યા છે તો સામે પક્ષે સેક્ટરોના આંતરિક માર્ગો તરફ દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. સેક્ટરોની અંદરની ઘણી સ્ટ્રીટલાઈટો બંધ રહેતા અહીં અંધારપટ છવાયુ છે. વસાહતીઓ ભારે રોષમાં જોવા મળી રહ્યા છે. મુખ્ય માર્ગોની જેમ જ સેક્ટરોના આંતરિક માર્ગોની પણ કાળજી લેવામાં આવે તેવી વસાહતીઓ માંગણી કરી રહ્યા છે.



# વાઈબ્રન્ટ સમિટમાં સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવાશે

### પાંચ એડીશનલ ડીજી, આઈજી અને ડીઆઈજી, ૧૬ એસપી ઉપરાંત ૬૬ ડીવાયએસપી ફરજ બજાવશે : ૧૧ સ્થળોએ પાર્કીંગ વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ખાતે ૯મી જાન્યુઆરીથી શરૂ થનાર વાયબ્રન્ટ સમીટમાં અદ્યતન ટેકનોલોજી અને કૌશલ્યવાન પોલીસ બળની મદદથી ગુજરાત સરકારે જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે એમ રાજયના ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

સુરક્ષા વ્યવસ્થા અંગેની વિગતો આપતા રાજયના ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે સમિટ દરમિયાન તા. ૯ના રોજ સવારે ૧૧ વાગ્યે સૂર્ય કિરણ એર શૉ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગાંધીનગર રેલવે સ્ટેશનના પ્રોજેકટનું ભૂમિપૂજન ગ્લોબલ ટ્રેડ-શૉ નું ઉદ્‌ઘાટન ગીફ્ટ સીટી ખાતે આંતરરાષ્ટ્રીય ફાયનાન્સ સર્વિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન ઉપરાંત સાયન્સ સીટી ખાતે નોબેલ એક્ઝીબિશન તેમજ ૧૦ જાન્યુઆરીના રોજ સમીટનું ઉદ્‌ઘાટન અને ૧૧મી જાન્યુઆરીના રોજ સેમીનારો અને ૧૨ જાન્યુઆરીના રોજ સમીટના સમાપન સુધીના કાર્યક્રમો દરમિયાન સલામતી સુરક્ષાની ઘનિષ્ઠ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સમીટ દરમિયાન ડી.જી.પી પી.પી. પાંડેના માર્ગદર્શન હેઠળ એડિશનલ ડી.જી. પાંચ આઈ.જી. અને ડીઆઈજી ૧૬ એસપી ઉપરાંત ૬૬ ડીવાયએસપી ઉપરાંત પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ



સબ ઈન્સ્પેક્ટર મળી અંદાજે ૩૮૨૫ જેટલા પોલીસ અધિકારીઓ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. પોલીસ દળ ઉપરાંત એનએસજીની બે ટીમ ચેતક કમાન્ડો બોમ્બ ડિસ્પોઝલ ટીમ, ક્યુઆરટી કોડના આઈ ડેન્ટીફીકેશન માટેની દસ ટીમ સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા ઉપર ચાંપતી નજર રાખશે.

તેમણે જણાવ્યુ હતુ કે સમગ્ર મહાત્મા મંદિર વિસ્તારનો સીસીટીવી કેમેરાથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. મંત્રીએ જણાવ્યુ હતુ કે સમિટ દરમ્યાન ૧૫ હજાર વાહનો આવવાનો અંદાજ છે. જેના માટે ચુસ્ત ટ્રાફિક વ્યવસ્થા માટે પગલા લેવાયા છે. કુલ અગિયાર સ્થળે વિસ્તૃત પાર્કીંગની વ્યવસ્થા અને ત્યાંથી એકી સાથે ૧૨૦૦ લોકોને પરિવહન કરી શકે તેવી ૮૦ જેટલી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ ખાસ મોબાઈલ એપ દ્વારા પોતાના પાસ કોડ મુજબ બેઠક વ્યવસ્થા અને ત્યાં પહોંચવાનો માર્ગ જાણી શકશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આપણાં પ્રિય સાહેબ આવવાનાં છે... તેમને આવકારવા તમારે તેમના પ્રિય અભિયાન, એક સ્વચ્છતા અને બીજુ કેશલેસનાં ભાગરૂપે તમારે ગાંધીનગરનાં રોડ પર કચરાનો કણ નથી રાખવાનો અને, કોઈનાં ખીસ્સામાં એક પણ રોકડો રૂપિયો...!! શું સમજ્યા...!!

## શિયાળાની ઠંડીમાં ઠુંઠવાતા શ્રમજીવી પરિવારોને ગરમ કપડા રૂપી હુંફ ગાંધીનગર શહેર વસાહત મહામંડળે પુરી પાડી

ગાંધીનગર શહેરમાં ઠંડીનો ચમકારો અનુભવાય છે. શિયાળાની કડકડતી ઠંડીમાં નગરજનો ઠુંઠવાઈ રહ્યા છે. શહેરમાં દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ત્યારે શહેરમાં ફૂટપાથ અને ઝુંપડા વિસ્તારમાં રહેતા મહિલા-બાળકોની હાલત દયનીય બની જવા પામે છે. ત્યારે કડકડતી ઠંડીમાં સેક્ટર-૨૦ સરકારી પ્રાથમિક શાળા-૧ અને ૨માં અભ્યાસ કરતા ૩૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોને ગરમ કપડા રૂપી હુંફ જયોત્સનાબેન બુચ, ધીરૂભાઈ નિસરતા અને અરૂણભાઈ બુચે પુરી પાડી હતી. શહેરની આગેવાન સેવાકીય સંસ્થા ગાંધીનગર વસાહત મહામંડળ, અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા વંચિતોના વ્હારે જવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે જયોતિ મહિલા મંડળ અને અરૂણોદિય સેવા ટ્રસ્ટના સહયોગથી શહેરની હોસ્પિટલના ગાયનેક વોર્ડમાં જઈને મહિલા દર્દીઓને સ્વેટર, સ્કાર્ફ જયારે બાળકોને પગના મોજા, ટોપી સહિત ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લત્તાબેન ચોકસી, ડૉ. ચેતના બુચ, હર્ષાબા ધાંધલ, મીરા મેઘરાજાની, કોકીલાબેન નાયક, નિલેન્દુ વોરા, મયુરભાઈ વ્યાસ હાજર રહી સેવાઓ પુરી પાડી હતી. તેમ ગાંધીનગર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું છે.

## વોર્ડ નં. ૮ના કોર્પોરેટર દ્વારા સફાઈ કર્મચારીઓની મુલાકાત

ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે મહાનગર પાલિકાના સફાઈ કર્મચારીઓનો મોટો ફાળો છે. શહેરના વિવિધ સેકટરોમાં કાયમી સફાઈ કર્મચારીઓ ફરજ બજાવે છે ત્યારે નગરના વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાતે નવા વર્ષ નિમિત્તે વોર્ડના તમામ સફાઈ કર્મચારીઓ સાથે મુલાકાત કરી હતી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવી મીઠાઈ ખવડાવીને મોં મીઠું કરાવ્યું હતું જયારે હાજર સૌ કર્મીઓને વોર્ડમાં સારું કામ કરો અને યોગ્ય સફાઈ રાખો એવી આશા વ્યકત કરી હતી. આ પ્રસંગે હાજર સફાઈ કર્મચારીઓના મોં પર હાસ્યની લહેર પ્રસરી ગઈ હતી.

# ગ્લોબલ ટ્રેડ શૉ માં સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા આકર્ષણ જમાવશે

ગાંધીનગર, તા. ૩

વાયબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શૉમાં દેશ-વિદેશની વિવિધ કંપનીઓ ભાગ લેશે જ્યારે ટ્રેડ શૉ માં અનેકવિધ આકર્ષણો પણ જોવા મળશે. સરદાર પટેલની સ્ટેચ્યુ ઑફ યુનિટીની પ્રતિમા અંગેનું પણ રાખવામાં આવ્યું છે. ટ્રેડ શૉ માટે કંપની તેમજ સંખ્યાઓનું ૧૦૦ ટકા બુકીંગ મળ્યુ હોવાનુ પણ સૂત્રોએ જણાવ્યું છે.



વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો-૨૦૧૭ પ્રદર્શન પહેલા બે દિવસ એટલે કે તા.૧૦ અને ૧૧ જાન્યુઆરીના રોજ વ્યાપારી પ્રતિનિધિમંડળો અને ખાસ આમંત્રિતો, ઉધોગો, મીડીયા અને એકેડેમીસ માટે જ ખુલ્લું રહેશે. તા. ૧૨ અને ૧૩મી જાન્યુઆરી દરમ્યાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો- ૨૦૧૭ સમગ્ર મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

વાયબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શો-૨૦૧૭ ૧ લાખ ૫૦ હજાર ચો.મીના કુલ વિસ્તારમાં યોજાશે. જે ૧૪ થીમ હોલ અને આશરે ૧૫૦૦ જેટલા સ્ટોલ્સ સાથેનું દેશનું સૌથી મોટું પ્રદર્શન છે. વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ દુનિયાના ૨૫ જેટલા વિવિધ ઔધોગિક અને સામાજિક ક્ષેત્રોને વૈશ્વિક વ્યાપાર માટેનું મંચ પુરૂ પાડશે. ટ્રેડ શોમાં ૧૫૦૦ કંપનીઓ ભાગ લેશે. આ પ્રદર્શનમાં અંદાજે ૧૫ થી ૨૦ લાખ મુલાકાતીઓ અને જુદા જુદા દેશોમાંથી આવનાર આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ આવશે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો - ૨૦૧૭માં મહત્વના પેવેલીયન્સસમાં ઓટો મોબાઈલ્સ, એગ્રો એન્ડ ફુડ, એરોસ્પેસ એન્ડ ડિફેન્સ, એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સ, પર્યાવરણ, આરોગ્ય સંભાળ, ફાર્મા, બાયોટેક, એન્જીનીયરીંગ એન્ડ મેન્યુફેકચરીંગ, અર્બન મોબીલીટી એન્ડ ઈન્ફાસ્ટ્રકચર, મેરીટાઈમ, સંશોધન અને વિકાસ, આઈ.ટી.-આઈ.ટી.ઈ.એસ તથા નાણાંકીય સેવાઓ, સ્કીલ એન્ડ એજ્યુકેશન, ટેક્ષટાઈલ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંગઠનો, મહિલા ઉધોગ સાહસિકો, સૂક્ષ્મ, નાના, મધ્યમ, ઔધોગિક એકમો અને સ્ટાર્ટઅપ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરતા પણ પેવેલીયન હશે. આ પ્રદશનમાં કોર્પોરેટ સેકટર, પબ્લીક સેકટર, પી.એસ.યુ., નવતર પ્રયોગો, સ્ટાર્ટઅપ્સ, નાના, મધ્યમ, ઔધોગિક એકમો, મહિલા ઉધોગ સાહસિકો તેમજ અન્ય દેશોના પ્રતિનિઓની ઉપસ્થિતિ સુનુશ્ચિત કરવામાં આવી છે સમગ્ર ભારતમાંથી એકઠા કરવામાં આવેલા લોંખડથી ધડવામાં આવનાર સરદાર વલ્લભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટિની પ્રતિમા અંગેનું પ્રદર્શન રાખવામાં આવ્યું છે.

આગ-સુરક્ષા, સલામતી અને દેખરેખ માટે સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. એડમીન બિલ્ડીંગ, સ્પેશિયલ લોંજ, કન્ટ્રોલ રૂમ, કોન્ફરન્સ રૂમ, ફુડ કોર્ટસ, પાણી પુરવઠાની વ્યવસ્થા, ગટર વ્યવસ્થા, દરેક માળખામાં સી.સી.ટી.વી, રજીસ્ટ્રેશન/ઈન્ફર્મેશન સેન્ટર, શૌચાલયો વગેરેની વ્યવસ્થા પણ છે.

## વાયબ્રન્ટ સમીટના આયોજન માટે જિલ્લા અધિકારીઓની ૧૧ સમિતિ રચાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં યોજાનાર ૮મી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૭ના આયોજન અંગે જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમીક્ષા બેઠકમાં ગાંધીનગર જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારી કર્મચારીઓની ૧૫ જેટલી કમિટીઓ બનાવીને વિવિધ કામગીરી સોંપવામાં આવી છે.

ગાંધીનગર ખાતે રેલ્વે સ્ટેશન, મહાત્મા મંદિર અને ગ્લોબલ ટ્રેડ શો તથા ગીફટ સીટી ખાતે યોજાનાર કાર્યક્રમોમાં જિલ્લા કલેકટરશ્રી સતીશ પટેલ વેન્યુ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ કમિટી સિકયુરીટી કમિટી, હોસ્પિટાલીટી કમિટી, પ્રોટોકોલ એકોમોડેશન અને ટ્રાન્સપોર્ટ બી ટુ બી, બી ટુ જી બેઠકો, કલ્ચરલ એકસપીરીયન્સ પ્રોગ્રામ કમિટી, અમદાવાદ એરપોર્ટ લાયઝન ટીમ, એમ.ઓ.યુ. કમિટી, પ્રદર્શન હોલ કમિટી, હેલીપેડ કમિટી, ટ્રાફિક, દબાણ, પાર્કિંગ, સફાઈ, ઈલેકટ્રીક તથા કેટલ કંટ્રોલ કમિટી, હાઉસ કિપીંગ સર્વિસ કમિટિ, ફાયર સ્ટેશન મુખ્ય કંટ્રોલ કમિટી તથા ગાંધીનગર કલેકટર કચેરી ખાતેના કંટ્રોલ રૂમમાં ઈમરજન્સી રીસ્પોન્સ કમિટીઓમાં મુખ્ય અધિકારીઓ અને કર્મચારીઓએ કરવાની થતી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી જરૂરી સુચનાઓ આપી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી એચ.એમ. જાડેજા, પ્રાંત અધિકારીશ્રી રાકેશકુમાર વ્યાસ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧





નેત્ર ચિકિત્સા : શહેરના સેક્ટર-૨૮ ખાતે પ્રાથમિક શાળા ૧ ખાતે આઈ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. મંગળવારે સવારે યોજાયેલ કેમ્પમાં બાળકોની આંખોની તપાસ કરાયા બાદ જરૂરી માર્ગદર્શન અપાયું હતું. સામાન્ય વર્ગના પરીવારોમાંથી આવતા બાળકો માટે નેત્ર ચિકિત્સા યજ્ઞ આર્શીવાદ રૂપ બન્યો હતો. બાળકોને આંખની કાળજી લેવા તજજ્ઞો દ્વારા સમજણ અપાઈ હતી.

# હવે ખેડૂત ખાતેદારના આધારનું સિડીંગ કરવા માટેનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. 3

રાજ્યના મહેસુલ વિભાગે ખેડૂત ખાતેદારોના આધાર સીડીંગ કરવા માટેનો નિર્ણય કર્યો છે. જો કે આ નિર્ણય સ્વૈચ્છીક રીતે અમલ કરવા માટેની જોગવાઈ કરવામાં આવી છે.

મહેસુલ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ઈ.ધરા વ્યવસ્થાપન અંતર્ગત આ ખાતેદારોના આધાર સીડીંગનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઇ.જમીન સીસ્ટમમાં લેન્ડ રેકર્ડ તથા સબ રજીસ્ટાર કચેરીઓને ઈન્ડીગ્રેટેડ કરવા રાજયના તમામ ખાતેદારોના ફોટા, ફીંગર પ્રીન્ટ તથા ડેટા એન્ટ્રી માટે ખાનગી એજન્સીઓ મારફત ડેટાબેઝ કલેક્ટ કરવાની કામગીરીનો પ્રોજેક્ટ સને ૨૦૧૦માં હાથ ધરવામાં આવેલ હતો જે અન્વયે અંદાજે 33 ટકા જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે.

ભારત સરકાર દ્વારા દેશના તમામ પ્રજાજનોને ઓળખના પુરાવા તરીકે યુનિક આઈ.ડી. (આધાર કાર્ડ) આપવામાં આવી રહેલ છે. ભારત સરકાર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ડીબીટી હેઠળ આવરી લેવા તથા અન્ય સેવાઓ કે અરજદાર, લાભાર્થી બાબતો જ્યાં ઓળખના પુરાવાની જરૂરીયાત રહેતી હોય ત્યાં આધાર સીડીંગ કરવાની સૂચનાઓ અમલમાં છે.

સદરહું કામગીરી ઝુંબેશના રૂપે કરવામાં આવતી હતી પરંતુ ફોટો, ફીંગર પ્રીન્ટ તથા ડેટા એન્ટ્રીની કામગીરી હાલમાં ખેતીની જમીનના વેચાણ વ્યવહારના કિસ્સામાં જ મેળવવામાં આવે છે. ખેડૂત, ખાતેદારના આધાર સીડીંગ માટે આધાર નંબરે મેળવવાની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ દ્વારા અમો મંગુબેન તે શનાજી મોતીજીની દીકરી અને મણીલાલ શંકરલાલની પત્ની વારસદારો (૧) સવિતાબેન જશવંતસિંહ ઠાકોર તે મણીલાલ શંકરલાલ ઠાકોરની દીકરી અને (૨) હર્ષદબેન ઉર્ફે આશાબેન દિનેશભાઈ તે મણીલાલ શંકરલાલ ઠાકોરની દીકરી બંને ઉ.વ. પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી અને / અથવા ઘરકામ, રહે. ઠાકોરવાસ, બારીવાળો વાસ, સરસપુર, અમદાવાદનાઓએ તમો રાયમલભાઈ કરમશી દેસાઈ, ઉ.વ. પુખ્ત, રહે. પ્લોટ નં. ૨૦૩/૨, સેક્ટર-૧૬, ગાંધીનગરનાઓને આ જાહેર નોટીસ દ્વારા લખી જણાવીએ છીએ કે તમોને ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર તા. ગાંધીનગરના મોજે ગામ કુડાસણની બ્લોક નં. ૨૨૩ (જુ.સ. નં. ૬૮) વાળી જમીનમાં અમારા વડીલ મંગુબેન તે શનાજી મોતીજીની દીકરીના વારસાઈ હક્કે અમારા પોષાતા અમારા હક્કોનો ઉપયોગ / ઉપભોગ કરવા સારું એક જનરલ કુલમુખત્યારનામુ અગાઉ આશરે વર્ષ : ૨૦૦૬ અથવા તે પહેલા અમોને નોટરી રૂબરૂએ લખી આપેલ. સદર કુલમુખત્યારનામુ અમો આ જાહેર નોટીસ દ્વારા રદબાતલ કરીએ છીએ. આથી અમારા વતી સદરહુ જમીન બાબતે કોઈપણ પ્રકારનીલ કામગીરી કરવી / કરાવવી નહીં. તમોએ ત્રાહિત વ્યક્તિઓ સાથે મળી જઈ અને કોર્ટે કેસોમાં ગંભીર બેદરકારી દર્શાવી અને ખોટા દસ્તાવેજો ઉભા કરી સદર જમીનમાં રહેલા અમારા હિતોને ગંભીર નુકસાન પહોંચાડેલ છે. તેથી હવે તમારામાં અમારો ભરોસો રહ્યો નથી પણ અવિશ્વાસ છે. માટે તમોએ હવે અમારા કુલમુખત્યાર તરીકે કે સદરહુ જમીન બાબતે કે કોઈપણ કેસમાં કોઈ કામગીરી કરવી કરાવવી નહી તેની આ જાહેર નોટીસથી ચેતવણી આપીએ છીએ. તેની નોંધ લેશોજી.

આજ. તા. ૧૫/૧૦/૨૦૧૬ મધ્યે ગાંધીનગર.

**નોટીસ આપનાર**

(૧) સહી
સવિતાબેન જશવંતસિંહ ઠાકોર તે મણીલાલ શંકરલાલ ઠાકોરના દિકરી)

(૨) અંગુઠાનું નિશાન
(હર્ષદબેન ઉર્ફે આશાબેન તે મણીલાલ શંકરજીની દિકરી)